ગાંધીનગર સમાચાર

'ખ' માર્ગને એક મહીના માટે વન વે કરાશે

# જિલ્લાની ૧૨૩ શાળામાં ઓરડાની ઘટ છે ૧૪૯ શાળામાં રમત-ગમત માટેનું મેદાન નથી

## બે વર્ષમાં સામુહિક વન નિર્માણ યોજના અંતર્ગત ૫૩૦ હેક્ટરમાં વૃક્ષોનું વાવેતર : જિલ્લામાં ૨,૪૯,૩૭૩ બારકોડેડ રેશન કાર્ડધારકો : ૪૯ સસ્તા અનાજની દુકાન માટે ૧૬૪ અરજીઓ



**વિધાનસભામાં ગાંધીનગર** - પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં રેશનકાર્ડ ધારકોની સંખ્યા અંગે કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં કુલ ૨,૪૯,૩૭૩ બારકોડેડ રેશન ધારકો છે.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે કલોલમાં ૬૧,૭૫૩ રેશનકાર્ડ, ગાંધીનગરમાં ૬૦,૦૮૩, ગાંધીનગર ઝોનલમાં ૨૯,૫૧૫, દહેગામમાં ૫૦૦૧૬ અને માણસામાં ૪૮૦૦૬ રેશનકાર્ડ ધારકો છે.

છેલ્લા બે વર્ષમાં બાર કોડેડ રેશનકાર્ડ બનાવવા માટે કોઈજ એજન્સીને કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો નથી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં કલોલમાં ૭૩૫૩, ગાંધીનગરમાં ૪૧૯૧, ગાંધીનગર ઝોનલમાં ૪૨૮૯, દહેગામમાં ૨૯૬૭ અને માણસામાં ૩૨૪૦ રેશનકાર્ડ નવા બનાવી વિતરણ કરવામાં આવ્યા છે. કુલ ૨૨૦૪૦ નવા રેશનકાર્ડ છેલ્લા બે વર્ષમાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ વિતરણ કરવામાં આવ્યા છે.

● સર્વશિક્ષા અંતર્ગત કન્યાઓને નિવાસી વ્યવસ્થા

ગાંધીનગર (ઉ)ના ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્ય સરકારના ૧૦૦ ટકા ભંડોળમાંથી વર્ષ ૨૦૧૫-૧૬માં ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ધો. ૯ અને ૧૦ અભ્યાસ કરતી કન્યાઓને નિવાસી વ્યવસ્થા પુરી પાડવામાં આવી છે. જેના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે એક કન્યાને આવી સુવિધા આપવામાં આવી છે.

● પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ

માણસાના કોંગી સભ્ય શ્રી અમિત ચૌધરીએ ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ જિલ્લામાં ૬૨૭ સરકારી પ્રા. શાળાઓ છે. જેમાં દહેગામમાં ૨૨૧, ગાંધીનગરમાં ૧૮૬ કલોલમાં ૧૨૦, માણસામાં ૧૦૦ સરકારી પ્રા. શાળા છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે ૧૨૩ સરકારી શાળાઓમાં પુરતા ઓરડા નથી. આવી શાળાઓ દહેગામમાં ૪૧, ગાંધીનગરમાં ૩૮, કલોલમાં ૨૫ અને માણસામાં ૧૯ પ્રા. શાળાઓ છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે રમત-ગમતના મેદાનો ન હોય તેવી શાળાઓની સંખ્યા ૧૪૯ છે. જેમાં દહેગામની ૪૩, ગાંધીનગરની ૪૭, કલોલની ૩૪ અને માણસાની ૨૫ શાળાઓનો સમાવેશ થાય છે.

આ શાળાઓને આ પ્રાથમિક સુવિધાઓ જેમ બને તેમ જલ્દીથી ઉપલબ્ધ સરકાર દ્વારા કરાવવામાં આવશે તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

● ઓછો વન વિસ્તાર

કોંગીના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઓછા વન વિસ્તાર અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે સરકારે કોઈ ચોક્કસ વન વિસ્તાર હોવાનું જિલ્લાવાર ઠરાવ્યુ નથી.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્ન આ બે જિલ્લામાં બે વર્ષમાં વન વિસ્તારમાં કરાયેલા વધારા અંગેનો પ્રશ્નનો ઉત્તર સિફતાઈપૂર્વક ટાળી દેતાં કહ્યું છે કે આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

● નિરંતર શિક્ષણ કેન્દ્રો

કોંગીના ધારાસભ્ય શ્રીમતિ કામિનીબા રાઠોડે ગાંધીનગર જિલ્લામાં નિરંતર શિક્ષિણ કેન્દ્રો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૯૬ નિરંતર શિક્ષણ કેન્દ્રો ચાલે છે.

ગાંધીનગરમાં ૩૨, કલોલમાં

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના વૉર્ડ સીમાંકનની હદમાં નજીવો ફેરફાર

## વૉર્ડ નં. ૧ અને ૪માં સામાન્ય ફેરફાર : બેઠકોની ફાળવણીમાં પણ ફેરફાર સાથે આખરી આદેશો જારી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી અંગેના સીમાંકનમાં બેઠકોની ફાળવણીમાં ફેરફાર તેમજ વોર્ડ નં. ૧ અને ૪માં સામાન્ય ફેરફાર સાથે આજે રાજ્ય ચૂંટણી પંચે સીમાંકનના આખરી આદેશ જાહેર કર્યા છે.

રાજ્ય ચૂંટણીપંચ અને જિલ્લા તંત્ર દ્વારા છેલ્લા ત્રણ દિવસની ભારે કવાયત બાદ આજે મોડી સાંજે આખરી આદેશ કરવામાં આવ્યા છે.

ચૂંટણી પંચે ૨૯-૨-૧૬ની રાજકીય પક્ષો સાથેની પરામર્શ બેઠકમાં થયેલા સૂચનોની ચકાસણીને અંતે કલેક્ટરે કરેલી પૂર્તતા સાથે રજુ કરેલી દરખાસ્તને ગ્રાહ્ય રાખી છે.

પંચે વોર્ડ નં. ૪ના બ્લોક નં. ૮૩ થી ૯૬ હતા જેમાં સુધારો કરી વોર્ડ નં. ૧ માં સમાવેશ કરેલ છે. તેમજ બ્લોક નં. ૯૫ અને ૯૬ને વોર્ડ નં. ૫માં સમાવેશ કરેલ છે.

આ ઉપરાંત વોર્ડ નં. ૬માં અગાઉ પછાત વર્ગની વસ્તી ૪૯૦૨ હતી. પૂરક દરખાસ્ત રજુ થતાં વોર્ડ

● અનુસંધાન પાના - ૭ પર

### કયા વૉર્ડમાં કઈ બેઠક અનામત અને કઈ બિનઅનામત

| વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૫૬૦૫ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૨ | ૨૮૦૧૩ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૩ | ૨૪૨૯૯ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૪ | ૨૩૯૩૪ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૫ | ૨૬૭૭૯ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૬ | ૨૨૮૬૨ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૭ | ૨૫૯૯૭ | અનુસૂચિત જાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૮ | ૨૫૨૮૭ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |

# વાવોલમાં નર્મદાનું પાણી પુરું પાડવા માટે ૨૧ મીટર ઉંચી ટાંકી બનશે





## વાવોલ અને ચિલોડામાં વિવિધ કામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન ગુડાના ચેરમેન આશિષ દવેના કરાયું

ગાંધીનગર તા ૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે વાવોલમાં નર્મદાનુ પાણી મળી રહે તે માટે પાણીની ટાંકી તેમજ સંપ બનાવવા માટેના કામનુ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. આ કામગીરી માટે રૂ ૯.૭૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગુડાના ચેરમેન દ્વારા ચિલોડા ખાતે તૈયાર કરાયેલી આંગણવાડીનુ લોકાર્પણ પણ કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં વિકાસના વિવિદ કામો ઉપરાંત માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. ગુડાના ટી પી વિસ્તારમાં આગામી દાયકાઓને ધ્યાને લઈ પાણી ગટર સહીતની માળખાગત સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે ગુડા દ્વારા વાવોલ તેમજ ચિલોડા ખાતે વિવિધ કામોનુ લોકાર્પણ તેમજ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ગુડાન ચેરમેન આશિષ દવેના હસ્તો વાવોલમાં સ્થિત ટી પી ૧૩ના ફાઈનલ પ્લોટનં ૧૬૩માં પાણીની

● અનુસંધાન પાના - ૭ પર

# કારની નવી સીરીઝ જી જે ૧૮ બીએફના પસંદગીના નંબરો માટે ૧૯મી એ હરાજી

## ટુ વ્હીલરની જુની સિરીઝ અંગે બાકી રહેતા નંબરોની હરાજી પ્રક્રીયા પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૪

આર ટી ઓ કચેરી દ્વારા કારની નવી સીરીઝ જી જે ૧૮ બી એફમાં પસંદગીના નંબરો માટે તા ૧૯ માર્ચના રોજ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. આ દરમિયાન બાકી રહેતા ટુ વ્હીલરના નંબરો માટે પણ પુનઃ હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. આર ટી ઓ દ્વારા પસંદગીના નંબરો માટે સિલ્વર તેમજ ગોલ્ડન કેટેગરીમાં નંબરોની ફાળવણી કરવામાં આવી રહી છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં વાહનોમાં નવી સીરિઝને અનુલક્ષી પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે જો કે હરાજીની પ્રક્રીયા માટે ગોલ્ડન તેમજ સિલ્વર કેટેગરી મુજબ હારાજીની નવી પ્રક્રીયાના લીધે અરજદારોમાં નિરસતા જોવા મળી રહી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જેના પરિણામે આર ટી ઓ તંત્ર દ્વારા પસંદગીના નંબરો માટે રીઓકશન કરવાની ફરજ પડે છે. આર ટી કચેરી દ્વારા મોટરકાર માટે નવી સીરીઝ જી જે ૧૮ બી એફ શરૂ કરવામાં આવશે જયારે આ નવી સીરીઝમાં પસંદગીના નંબરો મેળવવા માટે આગામી તા ૧૯ માર્ચના રોજ હરાજી યોજવામાં આવશે.

આ દરમિયાન ડુ વ્હીલરની જુની સિરીઝમાં બાકી રહેતા નંબરોની પણ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.જી જે ૧૮ સી એમ ,સી એલની સીરીઝના બાકી રહેતા નંબરો માટે પણ હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે.

# 'ખ' માર્ગને એક મહીના માટે વન વે કરાશે

## ખ માર્ગને સિકસલેન બનાવવા માટે કામ ચાલી રહયુ છે ત્યારે કામગીરીની સરળતા માટે ટુંકમાં જાહેરનામું બહાર પાડવામાં આવશે

ગાંધીનગર તા ૪

શહેરના ખ માર્ગને સિક્સલેન બનાવવા માટેનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ થશે ખ માર્ગની કામગીરીને અનુલક્ષી ટુંકમાં જ ખ-૦ થી મહાત્મા મંદિર સુધીનો માર્ગ વન વે બની જશે. આ મામલે ટુંકમાં જાહેરનામુ પણ પ્રસિધ્ધ થશે. શહેરમાં રોડનેટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાના ખર્ચે કામો હાથ ધરવામાં આવે છે. શહેરના મુખ્ય ઘ માર્ગનુ નવિનીકરણ કરવામાં આવ્યા બાદ માર્ગ મકાન વિભાગ દ્વારા મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. છેલ્લા ઘણાં સમયથી ખ માર્ગને સિકસલેન બનાવવાની યોજના સંદર્ભે તંત્ર દ્વારા વિભાગ સમક્ષ દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. જયારે આ કામને આખરી મંજુરી આપી દેવાયા બાદ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જયારે ટેન્ડર પ્રક્રીયાના અંતે હાલ લાંબા સમયના અંતે ખ માર્ગને સિક્સલેન બનાવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. ખ માર્ગને બન્ને બાજુએથી ૩.૩૦મીટર વાઈડનીંગ કરવામાં આવી રહયુ છે. મહાત્મા મંદિર સાથે જોડાયેલા આ માર્ગ પર વાઈબ્રન્ટ સમિટ વેળાએ વી વી આઈ પી મહાનુભાવોની અવરજવર જોવા મળે છે. જયારે ખ માર્ગ આસપાસનો વિસ્તાર પણ ટુંકા સમયમાં વિકાસ પામ્યો છે. આસપાસ નવનિર્મિત સોસાયટીઓ પણ અસ્તિત્વમાં આવી છે. જેના પરિણામે આ માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ દિનપ્રિતદિન વધી રહયુ છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં ગ માર્ગને પણ સિકસલેન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે જો કે વિભાગ કક્ષાએથી કામ મંજુર થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે હાલ ખ માર્ગના કામને અનુલક્ષી આ માર્ગ પર ટુંક સમયમાં જ વન વે એન્ટ્રી કરી દેવાશે. અલબત્ત ખ-૦ થી મહાત્મા મંદિર સુધીનો રસ્તો વન વે કરવા માટે વિભાગ દ્વારા દરખાસ્ત કરી દેવામાં આવી છે. ટુંકમાં જ કલેકટર કક્ષાએથી આ મામલે જાહેરનામુ પણ બહાર પડાશે.

ઉલ્લેખનીય છે કે મહાત્મા મંદિર અને મ્યુઝીયમને જોડતો પૂલ બનવાને કારણે ખ રોડ ચાર નંબરના જંક્શન ઉપરથી થોડા સમયથી બંધ કરવામાં આવ્યો છે અને હવે ખ રોડ એકમાર્ગીય થઈ જવાની નોબત આવતાં ખ માર્ગ ઉપર સૂનકાર જોવા મળે તો નવાઈ નહીં.



**જ્વેલર્સ દ્વારા બંધ :** એક્સાઈઝ ડ્યુટીમાં વધારા અને મોટી ખરીદીમાં ફરજિયાત પાન કાર્ડના મામલે દેશભરમાં જ્વેલર્સ દ્વારા બંધના એલાનના પગલે ગાંધીનગરના જ્વેલર્સે પણ સજ્જડ બંધ પાળ્યો હતો. (તસવીર : દિપક જાની)

# ચાઈનાને ભુલી જાવ અને આપણા ઉદ્યોગોને પ્રેમ કરો : શક્તિસિંહ ગોહીલ

ગાંધીનગર, તા. ૪

ચાઈનાને ભુલીને સ્થાનિક વેપાર ઉદ્યોગોને પ્રેમ કરો તેવી સલાહ રાજ્ય સરકારને આપતા પૂર્વ વિપક્ષી નેતા અને અબડાસાના ધારાસભ્ય શક્તિસિંહ ગોહીલે રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે ચાઈનાના લોકોને અહીયા બોલાવીને ચાઈનાની ડમ્પીંગ કરાવીએ છીએ જે આપણા નાના ઉદ્યોગોને મુશ્કેલી કરે છે.

વિધાનસભા ગૃહમાં આજે અંદાજપત્ર પરની ચર્ચામાં ભાગ લેતા પૂર્વ વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહીલે રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે મેક ઈન ઈન્ડિયાની વાતો કરવામાં આવે છે પરંતુ અકરીમોટા ખાતે આવેલ પાવર પ્લાન્ટને આજ સુધી ગુજરાત સરકાર ચલાવતી હતી. પરંતુ આ મેક ઈન ઈન્ડિયાવાળા મિત્રોએ કોરીયન કંપનીને આપણે પાવર પ્લાન્ટ ચલાવવા આપ્યો અને કહ્યું કે અમે ચલાવી શકીએ તેમ નથી એટલે કોરીયન કંપનીવાળો ચલાવે તો શુ આને મેક ઈન ઈન્ડિયા કહેશો ?ભાજપ સરકારને સવાલ કરતાં તેમણે જણાવ્યું હતું કે શું આપણી પાસે સ્કીલ નથી. શુ આપણા લોકો પાવર પ્લાન્ટ ચલાવી શકે તેમ નથી ? મંત્રી કહેતા હતા બહારથી વીજળી લેતો નથી. મારી પાસે સ્પેર વીજળી છે. કેટલાક મિત્રો તો એમ કહે કે મેં વિદેશ કો વીજળી દે શકતા હું. પાકિસ્તાન કો વીજળી દે શકતા હું ઈતની વીજળી હમારે ગુજરાતકે પાસ હૈ.


## વોક ઈન ઈન્ટરવ્યુ

ગાંધીનગર જિલ્લામાં કાર્યરત RNTCP પ્રોગ્રામ અંતર્ગત તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત એક વર્ષના સમય માટે માસિક ફિક્સ મહેનતાણાથી નીચે જણાવ્યા મુજબ ભરવા માટે તા. ૧૧-૦૩-૨૦૧૬ના રોજ નીચેના સ્થળે અને સમયે નીચે મુજબની જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે.

| SI. NO | Category / Job Title | Essential Qualification / Requirements | Preferential Qualification |
|---|---|---|---|
| 1 | Tuberculosis Health Visitor (TBHV) Medical College (GMERS) Gandhinagar (Salary: Rs.10,000/-P.M) | 1. Graduate OR 2. Intermediate (10 + 2) and experience of working as MPW / LHV / ANM / Health worker / Certificate or higher course in Health Education / Counseling OR 3. Tuberculosis health visitor's recognized course 4. Certificate course in computer operations (minimum two months) | 1. Training course for MPW or recognized sanitary Inspector's course |

-: ઈન્ટરવ્યુનું સ્થળ :-

જિલ્લા ક્ષય કેન્દ્ર, જી-૨, બ્લોક, સિવીલ હોસ્પીટલ કેમ્પસ, સે.૧૨, ગાંધીનગર

તારીખ :- ૧૧-૦૩-૨૦૧૬, શુક્રવાર

સમય :- ૧૧:૦૦ થી ૨:૦૦ કલાક

નોંધ : ૧) જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.
૨) ઈન્ટરવ્યુના સમયે જરૂરી અસલ પ્રમાણપત્રો તથા પ્રામાણિત કરેલ નકલો તથા તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે હાજર રહેવાનું રહેશે.

સભ્ય સચિવ/જિલ્લા ક્ષય અધિકારી
જિલ્લા આરોગ્ય સોસાયટી (ટીબી)
ગાંધીનગર

ચેરમેન /મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા આરોગ્ય સોસાયટી (ટીબી)
ગાંધીનગર



**Gandhinagar Dist. Co-Op. Milk Producers' Union Ltd.**
G.I.D.C. Electronic Estate, 'K' Road,
Sector-25, Gandhinagar-382023
Phone : 079 23287134-138, Gax : 079 23287140

## E - Tender Notice
### Notice No. : 01/2016-17

Tender inviting for Annual Maintenance Contract for painting/Color work in dairy plant, Chimani, M.S., G.I., Pipe line and structure etc. for Gandhinagar District Co. Op. Milk Producer's Union Ltd. The bidder should submit technical bid, tender fee and EMD cover separately. The last date for online submission is 22/03/2016 up to 04:30 PM. The bidding should be done through www.nprocure.com only. The right is reserved to Managing Director to accept, reject or cancel the tender/offer.

Managing Director



## જગ્યા ભાડે આપવાની છે

સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦

સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

## જગ્યા ભાડે આપવાની છે

શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ

સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com